## ગાંધીનગર મને ગમે છે...



**કવિ મુલાંકી**
**(ફિલ્મી ગીતકાર)**

ગાંધીનગરની શુભ સ્થાપના ૧૯૬૯માં થઈ, જે ગુજરાત રાજ્યનું પાટનગર છે, જ્યાં વિધાનસભા છે, જેના દ્વારા સમગ્ર ગુજરાતનો વ્યવસ્થિત વહીવટ થાય છે. ગાંધીનગરની સરકારી કોલેજના માનનીય પ્રિન્સિપાલ શૈલેષ એ. મકવાણા સાહેબને મળવા માટે ૧૯૭૧માં ગાંધીનગરમાં પ્રથમ પ્રવેશ કર્યો ત્યારે ગાંધીનગરની એસ.ટી. બસમાં બેઠા બેઠા ગાંધીનગરને જોઈને જ ગાંધીનગર વિષે આ એક કવિતા લખી હતી કે,

ગાંધીનગર, ભાઈ શું એની ડગર !
ડગર ડગર જાણે સુતો ચત્તો મગર !
એકેય ડગર પણ નહિ ફૂલો વગર !
વિચાર કરો ને જોઈ રહો ટગર ટગર !
કે દેવીલોક જાણે બનીને આવ્યાં નગર !
ગાંધીનગર, ભાઈ શું એની ડગર !

ત્યારબાદ ૧૯૭૯માં હું સરકારી કચેરીમાં અહીં જ નોકરીએ જોડાયો, ત્યારથી અત્યાર સુધી ૨૦૨૨માં ગાંધીનગર ખાતે ૪૩ વર્ષથી મારા પરિવાર સાથે ખૂદના મકાનમાં કાયમી વસવાટ કરૂ છું, તો ગાંધીનગર વિષે વિશેષ કંઈક જણાવવા માગું છું.

ગાંધીનગરમાં સરકારી કર્મચારીઓ, અધિકારીઓ, વેપારીઓ, ધારાસભ્યો, સંસદસભ્યો, તેમાંથી બનેલા આપણા માનનીય મુખ્યમંત્રી, મંત્રીઓ કાયમી વસવાટ કરે છે, વળી ગાંધીનગરનું વિકાસ કરવાની સેવામાં સારો એવો મજૂર વર્ગ પણ રહે છે, દરેક ક્ષેત્રના સેનાદળની કચેરીઓ અહીં છે. દરેક જ્ઞાતિના લોકો મિશ્ર રહે છે, દરેક જ્ઞાતિના સામાજિક ભવનો છે, દરેક ધર્મના લોકો એકબીજા સાથે સંપથી-પ્રેમથી હળમળીને રહે છે, દરેક ધર્મના લોકો માટે પોતાનાં ધાર્મિક સ્થળો છે કે જ્યાં બધા ભેગા મળી શકે છે, અહી ગાંધીનગર ખાતે કોઈપણ નાતજાતના ભેદ નથી, બધા મિત્રોની જેમ એક થઈને રહે છે, દરેક ગામડાને ગાંધીનગર જેવું મિશ્ર નગર બનાવી દેવું જોઈએ, જેથી કોઈ જ્ઞાતિવાડો રહે નહિ ને એને લીધે લડાઈ ઝગડા થાય નહિ.

અહીં દરેક સેકટરોમાં સરકારી કે પ્રાઈવેટ શાળાઓ છે, સરકારી દવાખાનાં, સિવિલ છે, સીટી કોર્ટ છે, કલેક્ટર કચેરી છે, પોસ્ટ ઓફિસો છે, રેલવે સ્ટેશન પણ છે, દરેક પ્રકારની હોટલો, દુકાનો છે, દરેક સેકટરમાં બગીચાઓ છે, જેથી બગીચાઓને કારણે ગાંધીનગર મીની-કાશ્મીર જેવું લાગે છે, તેમાં વળી સરિતાઉદ્યાન એની એક અલગ ઓળખ ધરાવે છે. ગાંધીનગરમાં બે સ્મશાનગૃહો છે, તેમાં દરેક સમાજના લોકો હળીમળીને મૃતકનો અગ્નિસંસ્કાર કરે છે. ગાંધીનગરના વિકાસથી ગાંધીનગર ભવિષ્યનું મુંબઈ બનશે એવું મને દેખાય છે, કારણ કે અહીં પત્રકારો, કવિઓ કલાકારો રહે છે. અહીં પંચદેવ મંદિર અને અક્ષરધામ તો અતિ શોભાયમાન છે, તો મહાત્મા મંદિર છે જે લક્ષ્મી હોટલ છે જે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને હાલના ભારતના માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાહેબની દેન છે, અને "ગાંધીનગર સમાચાર" છે, તે ગાંધીનગરનું નાક છે, જે કદી કપાશે નહિ.

હું દિલથી સાચુ કહું તો, ગાંધીનગર બહાર કોઈપણ અન્ય ગામ કે શહેરમાં જાઉં તો સાંજે ગાંધીનગર પરત આવ્યા વિના રહી શકાતુ નથી, ગાંધીનગરે જ મને સાહિત્યકાર, કવિ, ફિલ્મી ગીતકાર તરીકેની પ્રસિદ્ધિ આપી છે અને છોગા તરીકે મારી વહાલી દિકરીને સરકારી અધિકારી બનાવી છે, જેથી હું ગાંધીનગરનો કાયમી ઋણી છું, તેથી ગાંધીનગર મને ગમે છે.

# આજથી સંસ્કૃતિ કુંજ ખાતે સુર, સંગીત અને કલાનો સુભગ સમન્વય

## ગુજરાતના ખ્યાતનામ કલાકારો દ્વારા દરરોજ લોકસંગીત અને સાહિત્યના કાર્યક્રમની પ્રસ્તુતિ
## હસ્તકલા અને હાથશાળ વસ્તુઓની ખરીદી સાથે વિવિધતા સભર ખાણી-પીણીની લહેજત

ગાંધીનગર, તા. ૧૩

પાટનગરનો કલા રસિક વર્ગ જેની આતૂરતા પૂર્વક રાહ જોતો હોય છે તેવા ગાંધીનગરની ઓળખ સમા વસંતોત્સવને રાજ્યનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં તા. ૧૪ માર્ચ ૨૦૨૨નાં રોજ સાંજે સાત વાગ્યે ખુલ્લો મુકવામાં આવશે. આ પ્રસંગે તથા રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગનાં અગ્ર સચિવ અશ્વિનીકુમાર ખાસ





ઉપસ્થિત રહેશે.

વસંતોત્સવ વર્ષ ૧૯૯૬ થી ગાંધીનગરનાં સંસ્કૃતિ કુંજ ખાતે યોજવામાં આવતો સાંસ્કૃતિક લોકઉત્સવ છે. જેમાં ભારતનાં અને રાજ્યનાં વિવિધ જાણીતા લોક નૃત્યો રજુ કરવામાં આવે છે. આ ઉપરાંત ગુજરાતની લુપ્ત થઈ રહેલી નટ-બજાણીયા, બહુરૂપી જેવી લોકકળા કલા તેમજ ઉત્તર ગુજરાતનાં વિવિધ લોકનૃત્યો અને લુપ્ત થઈ રહેલા વાદ્યો દ્વારા સંગીત રજુ કરવામાં આવે છે.

આ વર્ષે વસંતોત્સવ-૨૦૨૨ માં ભારતનાં ૧૦ રાજ્યો દ્વારા વિવિધ સાંસ્કૃતિક જાણીતા લોક નૃત્યો રજૂ કરવામાં આવશે. જેમાં પ્રથમ પાંચ દિવસ રાજસ્થાન, હરિયાણા, છત્તીસગઢ, ઓરિસ્સા, જમ્મુ અને કાશ્મીર રાજ્ય દ્વારા તેમજ દ્વિતિય પાંચ દિવસ પંજાબ, સિક્કિમ, આસામ, પશ્ચિમ બંગાળ અને મણીપુર રાજ્ય દ્વારા અલગ-અલગ જાણીતા પ્રાદેશિક નૃત્યોની પ્રસ્તૃતિ કરવામાં આવશે.

ગુજરાતનાં જાણીતા શાસ્ત્રીય નૃત્યનાં કલાકારો અને વૃંદ દ્વારા ગણેશ વંદના, વિવિધ પ્રસિધ્ધ ગૃપ દ્વારા પરંપરાગત નૃત્યોની પ્રસ્તુતિ, રાજ્ય સરકાર દ્વારા આયોજીત થતી નવરાત્રિ સ્પર્ધામાં પ્રાચિન, અર્વાચિન ગરબા અને રાસની સ્પર્ધામાં પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમે વિજેતા થનાર વૃંદ દ્વારા પ્રસ્તુતિ તથા તૂરી-બારોટ સમાજના મંડળો દ્વારા વિવિધ વિસરાતા લોકનૃત્યોની પ્રસ્તુતિ અને આદિજાતી ગૃપ દ્વારા વિવિધ આદિવાસી નૃત્યોની પ્રસ્તુતિ કરવામાં આવશે. આ ઉપરાંત દરરોજ ગુજરાતી લોકસંગીતના રત્નો સમાન ગુજરાતના સુવિખ્યાત ગાયક કલાકારો દ્વારા લોકગીત રજૂ કરવામાં આવશે. જેમાં પ્રથમ દિવસે તા.૧૪મી માર્ચના રોજ વસંતોત્સવનાં પ્રથમ દિવસે આંતરરાષ્ટ્રીય ખ્યાતી પ્રાપ્ત ગુજરાતી લોકસંગીતનાં ખ્યાતનામ કલાકાર ઓસમાણ મીર દ્વારા લોકગીતોની રમઝટ બોલાવવામાં આવશે.

કોવિડ મહામારીને કારણે ઉત્સવ/મેળા યોજાયા નહોતા.



વસંતોત્સવ -૨૦૨૨નું આયોજન રાજ્યની ઉત્સવ પ્રિય જનતા માટે ખાસ બની રહેશે. સંસ્કૃતિ કુંજ ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ દેશી હાટની શૈલીમાં ઉભા કરાયેલા સ્ટોલમાં હસ્તકલાનાં કારીગરો દ્વારા તૈયાર કરવામાં આવેલ કલાત્મક ચીજ વસ્તુઓનુ પ્રદર્શન અને વેચાણ કરવામાં આવનાર હોય પાટનગરની જનતા પોતાની રૂચી પ્રમાણે વિસરાતી કલાત્મક વસ્તુઓની ખરીદી પણ કરી શકશે અને ખાણીપીણી બજારમાં ગુજરાતની અવનવી વિવિધ પ્રાંતની વાનગીઓનો સ્વાદ પણ માણી શકશે.

આ વખતે વસંતોત્સવમાં પોટ્રેટ રંગોળી અને રેત શિલ્પનાં કલાકારો દ્વારા દરરોજ નવીનતમ વિષય સાથે રેત શિલ્પનું સર્જન પાટનગરની કલારસિક પ્રજા માટે ખાસ આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.

સંસ્કૃતિ કુંજ ખાતે આયોજીત વસંતોત્સવમાં પ્રવેશ બપોરે ૨.૦૦ વાગ્યાથી મેળવી શકાશે. જ્યારે સાંસ્કૃતિક કાર્યક્રમ સાંજે ૭.૦૦ વાગ્યાથી રાત્રે ૧૦.૦૦ વાગ્યા સુધી ચાલશે.

રાજ્યના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના માર્ગદર્શન અને કમિશનરશ્રી યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીના સંકલનથી યોજાતા કાર્યક્રમમાં પશ્ચિમ ક્ષેત્ર સાંસ્કૃતિક કેન્દ્ર વેસ્ટર્ન ઝોન કલ્ચરલ સેન્ટર, ઉદેપુરનો પણ સહયોગ હોય છે.

**સંસ્કૃતિકુંજમાં દર વર્ષે ફૂડકોર્ટ એક આકર્ષણનું કેન્દ્ર હોય છે. જેમાં સૌથી વધારે ભીડ જોવા મળતી હોય છે. ગરમાગરમ લાઈવ વાનગીઓનો સ્વાદ માણવા માટે આ પર્વે પણ ફૂડ કાઉન્ટરની જોરદાર વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં ગરમાગરમ ખીચુ, લાઈવ ઢોકળા, દાબેલી, પફ, વડાપાઉં, ગરમાગરમ બાફેલી મકાઈ, મકાની ધાણી, પકોડી, સેન્ડવીચ, ભેળ, ચણાચોર, તડબૂચ મસાલેદાર, વિવિધ ફળોના જ્યુસ, શેરડીનો રસ, સીંગચણા, વિવિધ અથાણા, વિવિધ મુખવાસ, આઈસ્ક્રીમ, બુધ્ધીના બાલ, કુલ્ફી, ખમણી, પેટીસ વગેરેની જમાવટ જોવા મળશે.**

● ● ●

**લગભગ ૧૯૦ થી વધારે સ્ટોલ આ વખતે સંસ્કૃતિકુંજમાં ઉભા કરવામાં આવ્યા છે. જેમાં ભારતીય સંસ્કૃતિના પોષાકની વિધિ ઝલક જોવા મળશે. અવનવી વેરાયટીઓના કપડાના સ્ટોલ જે દૂર દૂરના રાજ્યોમાંથી વેપારીઓ આવ્યા છે. સાડીઓ, દુપટ્ટા, બેગ, ચંપલ, બૂટ, પર્સ, ઈલેક્ટ્રોનિક્સ, કટલરી, બ્યુટીકેર, કુર્તા વિગેરેના સ્ટોલ મુકવામાં આવ્યા છે.**

● ● ●

**વડોદરાથી આદિત્ય ફાઈન આર્ટસ ગ્રુપ દ્વારા આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ભારતના સ્વાતંત્ર્ય સેનાનીઓને ટ્રીબ્યુટ આપવા માટે રંગોળી બનાવી છે. જેમાં મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ, ચંદ્રશેખર આઝાદ, લોકમાન્ય ટીલક, વીર સાવરકર, ભગતસિંહ, સુભાષચંદ્ર બોઝની સુંદર રંગોળી બનાવી છે.**

# કાશ્મીર ફાઈલ્સ : એ સ્ટોરી ઓફ સિલેક્ટિવ સાયલન્સ...

## કાશ્મીર ફાઈલ્સ જોવું ન જોવું એ એક અલગ મુદ્દો બની રહે છે, પરંતુ આનંદ એ વાતનો છે કે સમાજને સંદેશ આપતી આ ફીલ્મ બની અને લોકો સુધી પહોંચી

ગાંધીનગર, તા. ૧૩

તાજેતરમાં લોન્ચ થયેલું ફીલ્મ 'કાશ્મીર ફાઈલ્સ' આજકાલ વોટ્સેપ, ફેસબુક તથા અત્ર, તત્ર અને સર્વત્ર ફેલાયેલું છે. એના કારણો પણ સર્વવિદિત છે. સન ૧૯૮૯-૯૦ના દાયકામાં ભારતના શીર્ષ રાજ્ય કાશ્મીરમાં માત્ર પંડિતોને સિલેક્ટિવલી વીણી વીણીને બર્બર રીતે મોતને ઘાટ ઉતારવામાં આવેલા. પરંતુ તે સમયથી લઈને આજની ઘડી સુધી આ બાબતે સિલેક્ટિવ સાયલન્સ એટલે કે ઈરાદાપૂર્વકનું મૌન સેવવામાં આવેલું.




મૌનની પરિભાષા આમ તો સીધી સાદી છે. ધ્વનિના અભાવને આપણે સૌ મૌન સમજી બેસવાની ભૂલ કરીએ છીએ, પરંતુ શબ્દો અને ધ્વનિનો અભાવ એ સાચું મૌન નથી હોતું. મૌન તો માનવ જ્યારે અગમની ખોજ બહારની દુનિયામાં કરવાનું બંધ કરે અને પોતાની ભીતર ડોકિયું કરવા પ્રેરાય છે. ત્યાર બાદની સ્વની પ્રબળ પ્રતિતિથી માણસ મૌન બનતો જાય છે. આ મૌન બહારથી થોપેલું નથી હોતું પરંતુ ભીતરમાંથી પ્રગટતા સાંગીત જેવું મધુર હોય છે.

પરંતુ ભારતની કમનસીબી છે કે માઈનોરીટીને ખુશ કરવાની નીતિએ ભારત દેશની બહુમતીને તાત્વિક રીતે માઈનોરીટી બનાવીને મૂકી દીધી છે. માત્ર એક ધર્મ પરના અત્યાચારને જ જુલમ ઠેરવીને મેજોરીટીને ગુનેગાર બનાવી દીધી છે. આજ સુધી કાશ્મીરના પંડિતોના નરસંહાર પ્રત્યે ઈચ્છાપૂર્વકનુ સેવાયેલું મૌન આજે 'કાશ્મીર ફાઈલ્સ' નામના ધ્વનિથી વિચલિત થઈ ઉઠ્યુ છે. આજે કાશ્મીર ફાઈલ્સ પર ચાલેલી ચર્ચાઓએ એક સ્મૃતિ તાજી થઈ આવી છે. આ અવાજ છે કશ્મીરના હત્યાકાંડનો ભોગ બનેલા એક ગાંધીનગરના જ નિવાસી ડો. વૈષ્ણવીનો. તેઓ મને આજથી લગભગ અઢાર-વીસ વર્ષો પહેલા દિલ્હીમાં મળી ગયેલા. આજે તેઓ હયાત છે કે નહીં એ ખબર નથી.

લગભગ ૨૦૦૩-૪માં હું વિધાનસભાના અધ્યક્ષના વિદેશના વિઝા મેળાવવા માટે દિલ્હી રોકાયેલો હતો. કેન્યાની એમ્બેસીમાં મારી સાથે અનેક રાજ્યોના મારા જેવા જ પ્રોટોકોલ ઓફિસર્સ આવેલા. મારી બાજુમાં એક શ્વેતકેશ અને દાઢીધારી વૃદ્ધ બેઠેલા. એકદમ ધવલ ત્વચા, શાંત દેખાવ, પ્રભાવશાળી આંખો. મને મોબાઈલ પર વાતો કરતો સાંભળીને તેઓ બોલ્યા કે આપ ગુજરાતનાં છો ? મે કહ્યું હા. તો મને કહે મૈ ભી ગાંધીનગર મેં હી રહેતા હું, અને એમ અમારી વાતો ચાલી. મારી બીજી બાજુમાં બેઠેલો એક કાશ્મીર વિધાનસભાનો પ્રોટોકોલ ઓફીસર તેના સાથી સાથે કાશ્મીરી ભાષામાં વાત કરતો હતો. મારી બાજુવાળા વૃદ્ધ અચાનક તેમની સાથે કાશ્મીરીમાં વાતો કરવા લાગ્યા. વૃદ્ધ અને કાશ્મીરી વચ્ચે રકઝક થાય છે એવું એમના ટોન પરથી સમજાયું. પેલો કાશ્મીરી એકાએક હસતાં હસતાં બે હાથ પહોળા કરીને એમને ભેટવા ગયો, ત્યાં જ વૃદ્ધે એને ધક્કો મારીને દૂર કરી દીધો. એમની આંખોમાંથી જાણે અંગારા ઝરતા હતા. પેલો કાશ્મીરી ઓઝપાઈને ચૂપચાપ દૂર જઈને બેસી ગયો. એ વૃદ્ધ એટલે ડૉક્ટર વૈષ્ણવી. તે જ દિવસે સાંજે અમે બંને ફરી ગુજરાત ભવનમાં મળી ગયા. મે એમને સવારની ઘટના વિશે પૂછ્યું. એમણે કહ્યું 'જનાબ, મૈં કાશ્મીરી પંડિત હું, ગુજરાત સરકાર કે હેલ્થ ડિપાર્ટમેન્ટમેં ડિરેકટોરિયલ પોસ્ટ પર હું. ઔર વો કાશ્મીરી મુસલમાન થા, ઔર મુજે કહ રહા થા કી હમ તો ભાઈ ભાઈ હે, કડવાહટ નિકાલ દો. તો મૈંને ઉસસે કહા કી "તેરે સામને કોઈ તેરી માં કો કાટા ડાલે, કોઈ તેરે બાપ કયા સર કાટ કર ગલીઓ મે ફૂટબોલ ખેલે તો ઉસ કો તું માફ કર સકતા હૈ ? સાહબ ઈન સુવારો કો ભેટના તો ઠીક, મૈ ઉન પર થુકું ભી નહી, હમેં ખૂન કે આંસુ રુલા કર બડા આયા થા ભાઈ બનને..." મેં એમના શબ્દોમાં જે દર્દ તીવ્ર પણે અનુભવેલું એના કરતાં અનેકગણું દર્દ એમની આંખો અને એ આંખોમાંની ઝાકળમાં જોયેલી.

સાહેબ એમની આ પીડા મને હચમચાવી ગયેલી. ભારતના કહેવાતા સેકયુલર ટોળાં ભારતના આજ સુધીના મુસ્લિમો પરનાં અત્યાચારો પર છાજીયા લેશે, રૂદાલી બની જશે, પરંતુ હિન્દુઓ પર થયેલા અત્યાચાર અંગે પસંદગીનું મૌન (સિલેક્ટિવ સાયલન્સ) સેવી લેશે. એ જ સો કોલ્ડ સેક્યુલરો જો ખરા અર્થમાં સેક્યુલર હોત તો આપણાં જ રાષ્ટ્રમાં બનેલા પંડિતોના આ જઘન્ય અને શરમજનક નરસંહાર પર સિલેક્ટિવ સાયલન્સ મોડમાં ન જતાં રહેતા હોત. કાશ્મીર ફાઈલ્સ જોવું ન જોવું એ એક અલગ મુદ્દો બની રહે છે, પરંતુ આનંદ એ વાતનો છે કે આજ સુધી ટેબુ મનાતા આ વિષય પર સમાજને સંદેશ આપતી આ ફીલ્મ બની અને લોકો સુધી પહોંચી. આશા છે કે કાશ્મીર ફાઈલ્સના માધ્યમથી આજે ડૉક્ટર વૈષ્ણવી જેઓ આજે કદાચ હયાત પણ નહી હોય, તેમના જેવા અનેક કાશ્મીરી પંડિતોની વ્યથાને વાચા મળી છે.

**- ધર્મેન્દ્ર ત્રિવેદી**

# નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા એન.જી.સી. ઈકો કલબના ઈન્ચાર્જ શિક્ષકો માટે તાલીમ યોજાઈ

ગાંધીનગર, તા.૧૩

નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા એન.જી.સી. ઈકો




કલબના ઈન્ચાર્જ શિક્ષકોનો એક દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. ગીર ફાઉન્ડેશનના સહયોગથી ઈકો કલબ સાથે જોડાયેલા શિક્ષકો માટે સિંગલ યુઝ પ્લાસ્ટિક વિષય પર એક દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. આ તાલીમમાં મહેમાન તરીકે ગાંધીનગર મ્યુનિસિપલ કમિશનર ડૉ. ધવલ પટેલ, જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. ભરતભાઈ વઢેર અને નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલ પટેલ, આલાપભાઈ પંડિત, નેચર એજયુકેટર, ગીર ફાઉન્ડેશન અને વૈશાલીબેન ઉપસ્થિત રહ્યા હતા. જેમાં વકતા તરીકે નરેશ ઠકર, પૂર્વ પી.આર.ઓ. જીપીસીબી ગાંધીનગર અને હેમંત સુથાર, નિવૃત્ત નાયબ વનસંરક્ષક, વન્ય જીવ નિષ્ણાંત ઉપસ્થિત રહ્યા હતા. આ તાલીમમાં ૫૦ જેટલા શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં તેમને પોતાની શાળામાં પ્લાસ્ટિક વ્યવસ્થાપક અંગે લેવાતી કાળજી અને પર્યાવરણીય અભિગમ વિષે જણાવ્યું હતું.

# જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના ઉપક્રમે ચિલોડા હાઈસ્કૂલમાં વિશ્વ મહિલા દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૩

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત આંતરરાષ્ટ્રીય મહિલા



દિવસની ઉજવણી નિમિત્તે યુનાઈટેડ વર્લ્ડ સ્કૂલ ઓફ લૉ, ઉવારસદ કર્ણાવતી યુનિ. તથા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ચિલોડા સ્થિત ચિલોડા-શિહોલી ગ્રુપ માધ્ય ઉચ્ચ મા. શાળા ખાતે ૮મી માર્ચના રોજ વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં લૉ કોલેજના વિદ્યાર્થીઓએ મહિલા અંગે અનોખુ પ્રેરણાદાયી નાટક રજૂ કર્યુ હતુ. ત્યારબાદ પેરાલીગલ વોલન્ટીયર નટુભાઈ પટેલે મહિલા દિવસની ઉજવણી અંગેનું વિશેષ મહત્વ-નારીશક્તિ-માતૃશસ્તિ-મહિલા અધિકારો માટેની લડતનો ઈતિહાસ વિશે વક્તવ્ય રજૂ કર્યુ.

આ કાર્યક્રમમાં નીતિશ નાણાવટી આસિ. પ્રોફેસર, યુનાઈટેડ વર્લ્ડ સ્કૂલ ઓફ કોલેજ, ઉવારસદ, પેનલ એડવોકેટ હિતેશભાઈ ગાંધર્વ, જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, ગાંધીનગર, ઋતુ પટેલ, કન્વીનર લીગલ એઈડ કમિટી, સરપંચ જયમીનભાઈ પટેલ, ક્ષત્રિય ઠાકોર સેનાના અગ્રણી ગોવિંદજી ઠાકોર, દિલિપસિંહ ઠાકોર, ગ્રામ પંચાયતના સભ્યો શાળાના આચાર્ય રમેશભાઈ માકાણી તથા લૉ કોલેજના વિદ્યાર્થીઓએ શાળાના ૩૫૦ વિદ્યાથીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.